Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

દોહરો

આત્મવૃત્તિ નિર્મળ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થુ. વિક્રમ સંવત્ ૧૯૬૩—કાર્ત્તિક. અંક ૪ થો.

## યોગિજનનું માધ્યસ્થ્ય.

નિન્દાયે ન દુહાય, ના વળી કદિ રીઝે ચટૂ વાકયથી,
દુર્ગન્ધે ન પીડાય, ના વળી લહે આનન્દ સુગન્ધથી,
સ્ત્રી દેખી હરખાય ના, વળી ન ખેદાયે મૃત શ્વાનથી,
એવા યોગીજનો તણો વિજયછે મધ્યસ્થવૃત્તિ થકી. ૧
મિત્રોને નહિં હર્ષથી, નહિં જૂએ જે શત્રુને દ્વેષથી,
ભોગોને નહિં લોભથી, તપ નહિં જે આચરે કલેશથી,
રત્નો શું નહિં રાગ, ના વળી ધરે વિરાગ પાષાણથી,
એવા યોગીજનો તણો વિજય છે મધ્યસ્થવૃત્તિ થકી. ૨
જેણે એક નિધાન ઉત્તમ કળા–લાવણ્ય–સૌન્દર્યની,
પીનોત્તુંગપયોધરપ્રસરથી પાતાળ કન્યાસમી
કાન્તાનો નવયૌવને પણ ત્યજ્યો સંયોગછે છેકથી,
એવા યોગીજનો તણો વિજય છે મધ્યસ્થવૃત્તિ થકી. ૩
શૃંગારામૃત સિંચવે બહુ વધી, વક્રોકિતપત્રે ભરી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખીલેલાં ફુલપ્રેમથી સુભગ જે કાન્તા-કથાવેલડી,
જેઓએ નિજ બ્રહ્મચર્યવ્રતના અગ્નિથી ભસ્મી કરી,
એવા યોગીજનો તણો વિજય છે મધ્યસ્થ વૃત્તિ થકી. ૪
અગ્રે તે ગજગામિની પ્રિયતમા, પૃષ્ટે વળી તે હુંતી-
પૃથ્વીમાં, ગગને તથા અહિં તહિં જ્યાં ત્યાં સદા દીસતી-
નીહાળી બહુ; દૃષ્ટિ ના પછી કરી, એ સામી ઉભી છતી,
એવા યોગીજનો તણો વિજય છે મધ્યસ્થ વૃત્તિ થકી. ૫

તંત્રી.

# સમકિત.

( અનુસંધાન બીજા અંકના પૃષ્ટ ૩૯ થી. )

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**—श्रीमद् उमास्वाति.

શ્રીમાન્ ઉમાસ્વાતિ મહારાજ પોતાનો " તત્ત્વાર્થાધિગમસૂત્ર " નામનો ગ્રંથ કે જેના ઉપર ' ભાષ્ય ' પણ પોતેજ રચી છે, એને વિષે સમ્યક્ દર્શન યા સમકિતની વ્યાખ્યા આપે છે. ૧ તત્ત્વ એટલે સત્ય, અર્થ એટલે વસ્તુ, એમ તત્ત્વાર્થ એટલે સત્ય વસ્તુઓ-તેની શ્રદ્ધા; અથવા ૨ વસ્તુઓની, તત્ત્વે કરીને એટલે ભાવથકી નિશ્ચિત-એવી શ્રદ્ધા; અથવા ૩ તત્ત્વો એટલે જીવાદિ ( નવ ) તત્ત્વો-તે રૂપ અર્થ એટલે વસ્તુ-તેમની શ્રદ્ધા.

મથાળે મૂકેલા સૂત્રપર આ પ્રમાણે ' ભાષ્ય ' આપી, ભાષ્ય-માંજ છેવટે આ સમ્યક દર્શનનાં **પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા** અને **આસ્તિકય** રૂપ લક્ષણો કહે છે (૧) **પ્રશમ** શમ, ઉપશમ, એવાં પણ એનાં નામ છે. એનો અર્થ-શમાવવું; એટલે ક્રોધ, માન, માયા અને લોભ એ જે ચાર કષાય કહેવાય છે તેને શમાવવા-ટાળવા. આ ઉપર શ્રી વિજયલક્ષ્મીસૂરિ કહે છે કેઃ—

**शमैः शाम्यति क्रोधादीन्नपकारे महत्यपि ।**
**लक्ष्यन्ते तेन सम्यक्त्वं तदाद्यं लक्षणं भवेत् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં ભાવાર્થ એવો છે કે કોઇએ આપણો અપરાધ કર્યો હોય છતાં પણ આપણે ક્રોધાદિ કષાયોને શમવડે શમાવી દેવા એ સમકિતનું લક્ષણ–પહેલું લક્ષણ છે.

શાસ્ત્રકાર આ પર એક બોધક દૃષ્ટાન્ત આપે છે:—

તિર્યંચ યોનિમાંથી આવેલા, તેથી ક્ષુધાવેદનીય કર્મના અધિક ઉદયવાળા હોવાથી, પોરસી માત્રનું પણ પચ્ચખ્ખાણ કરવાને અસમર્થ હોઇ, પ્રાતઃકાળ થાય કે તુરતજ આહાર પાણીને અર્થે જઇ, એક **ગડુઆ** પ્રમાણ કુર ( ભાત ) લઇ આવતા એ પરથી જેમનું **કુરગડુક** એવું નામ પ્રસિદ્ધ થયું છે; એ મુનિનું ક્ષમામય ચરિત્ર વિચારીને કયો વિવેકવાન્ અને બુદ્ધિશાળી મનુષ્ય એમના સદા અનુકરણીય શમતા ગુણનો સ્વીકાર નહિં કરે ? એક ભવમાં મ.સક્ષમણને પારણે ગોચરી જતાં કંઇ જીવની વિરાધના થયેલી તેની એક લઘુ શિષ્યે પ્રતિક્રમણ કરતી વખતે આલોયણા લેવાનું બે ત્રણવાર સંભારી આપવાથી ક્રોધમાં આવી જઇ તેને શિક્ષા કરવા જતાં એ મુનિ પોતે મસ્તક અફળાવાથી તત્કાળ કાળધર્મ પામ્યા. વ્રત વિરાધેલું હોવાથી જ્યોતિષી દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને એમનો જીવ દેવતાધિષ્ઠિત દૃષ્ટિવિષ સર્પ થયો. એ સર્પના કુળમાંના બીજાઓને જોઇ પોતાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના દોષનું ફળ પોતાને મળેલું જાણી, હવે પોતાની દુર્ગતિ ન થાય એવા હેતુથી આખો દિવસ મુખ બીલમાં રાખીને રહેવા લાગ્યો, ( કારણકે એની દૃષ્ટિમાંજ વિષ હતું એટલે જેના તરફ એની દૃષ્ટિ જાય એ નિઃશંસય મરણ શરણજ થાય તેનું પોતે કારણ બને. )

આ વખતે એક રાજાના પુત્રનું કોઇ સર્પથી મૃત્યુ નીપજ્યું. એ પરથી સર્પની સકળ જાતિપર વેર લેવાના હેતુથી જ્યાં ત્યાંથી સર્પને પકડી પકડીને તેઓનો નાશ કરવાનો રાજાએ હુકમ બહાર પાડયો. એ હુકમનો અમલ આ દૃષ્ટિવિષ સર્પ પર પણ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાના જોરથી એને એના બીલની બહાર ખેંચાવું પડયું તે વખતે એણે પોતાનું મુખ બહાર ન કાઢતાં પ્રથમ પુંછડી બહાર કાઢી. કારણકે મુખથી બહાર નીકળતાં પોતાની દૃષ્ટિના વિષથી બહારના અસંખ્ય જીવો મૃત્યુ પામશે એવું તે સમજતો હતો. પણ કોઇ પણ પ્રકારે એના પ્રાણજ લેવા આવનારાઓએ એની પુંછડી તો પુંછડી પણ કાપી નાંખી. જેમ જેમ એ બહાર નીકળતો ગયો તેમ તેમ લોકો પુંછડી પર પ્રહાર કરી કરીને તે છેદતા ગયા. આ સર્વ એણે સહન કર્યું; એમ વિચારીને કે, "હે ચેતન, તું એમ ન સમજતો કે આ તારૂં શરીર કપાય છે; શરીર તો એક માત્ર બ્હાનું છે. કપાય છે તે તો તારા પૂર્વ ભવના કર્મ; માટે લેશ માત્ર પણ કલેશ વિના આ બધું સહન કરવું."

આવા નિર્મળ પરિણામમાંજ મૃત્યુ પામી એ સર્પનો જીવ એજ રાજાને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. અનુક્રમે યૌવન વય પ્રાપ્ત કરી. એક વખતે એને પોતાનો પૂર્વ ભવ સ્મરણમાં આવ્યો; અને વૈરાગ્ય પામી સંસાર ત્યાગ કરી ચારિત્રની દીક્ષા ગ્રહણ કરી. અહિં પણ અનેક દીક્ષિતોની સંગાથે રહેતાં જે ગુણદૃષ્ટિ એ મહંતે દાખવી છે તે અત્યુત્તમ અને સર્વ તરફથી પ્રશંસાને પાત્ર થઇ પડી છે. પોતાથી વ્રત પચ્ચખ્ખાણ ઓછાં બનતાં હતાં તેથી પોતાને હમેશાં આહાર લેવો પડતો હતો. એ બીજા એના ગુરૂભાઇઓને અણગમતું હોવાથી, એક વખત એના આણેલા આહારના પાત્રમાં થુંકયા; અને ક્રોધાવેશમાં આવી જઇને એને ગમે તેવાં લઘુતાના વચનોનો પ્રહાર કર્યો. પણ **શઆતાના સાગર** આ **કુરગડુકમુનિ** રંજ પણ માઠું ન લગાડતાં એમજ વિચારવા લાગ્યા કે એમાં એ મારા બન્ધુઓનો દોષ નથી; દોષ સર્વ મારોજ છે કે પ્રમાદને લીધે હું અલ્પ પણ તપશ્ચર્યા કરવાને અસમર્થ છું.

આ પ્રમાણે આત્મનિન્દા કરતાં, શુકલ ધ્યાનની શ્રેણિપર આરૂઢ થઇ, એમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शान्तिक्षमाक्षान्तिशमादिनामतः
सूत्रे तु ते दर्शन लक्षणादिमः ।
धर्मेषु चाद्यं प्रददौ सु चांतिमं
ज्ञानं ततः स्वीक्रियतां शमो गुणः ॥

" શાન્તિ-ક્ષમા-શાન્તિ-શમ વગેરે અનેક નામોવાળાં 'પ્રશમ' ને સૂત્રોમાં સમ્યકત્વનું પહેલું લક્ષણ કહ્યું છે; અને જ્ઞાનને છેલ્લું કહ્યું છે માટે એ શમ ગુણનો સ્વીકાર કરવો. "

આ પ્રમાણે મોક્ષ માર્ગના પ્રવાસીઓને માટે ઉદ્દિષ્ટ સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રિપુટીમાંના પહેલા સમ્યક્ દર્શનનું દર્શન કરાવતાં એના અંગે એનાં પાંચ લક્ષણોમાંના પહેલા **પ્રશમ** લક્ષણનું કંઇ ભાન કરાવી, હવે એનાં બીજા લક્ષણ 'સંવેગ' ને તપાસીએ.

सुरादिविषयं सुख दुःखंत्वेनानुमन्वानः मोक्षाभिलाष संवेगांचितो दर्शनो भवेत् ।

'દર્શની' એટલે સમકિત-દર્શની અર્થાત્ સમકિતી, જીવ કેવો હોય ? એનો ઉત્તર કહે છે કે દેવતા આદિના સુખોને પણ દુઃખરૂપ માનનારો, અને મોક્ષની અભિલાષારૂપ સંવેગવાળો.

સમકિતીનું આ **બીજું લક્ષણ-તેનું** નામ **સંવેગ.** આ પર, મગધદેશના શ્રેણિક નરપતિને '**સનાથ**' 'અનાથ' નું ખરૂં સ્વરૂપ સચોટ સમજાવી, એનું સનાથપણાનું અભિમાન મુકાવી એને પોતાને મુખે એનું 'અનાથપણું' મંજુર કરાવનાર **અનાથી મુનિ**નો પ્રબંધ ખરેખર ચિત્તાકર્ષક અને પ્રબોધક છેઃ-

એકદા શ્રેણિક રાજા ફરવા નીકળેલ તેમણે એક યુવાન સુકોમળ મુનિને સમાધિસ્થ જોયા. જોતાંજ એમના વિષે વધારે જિજ્ઞાસા થવાથી એમની પાસે જઇને પ્રણામ કરી પ્રશ્ન પુછયો—

" વૃદ્ધાવસ્થાને યોગ્ય એવો આ સંયમ, હે મુનિરાજ, આપને યુવાવસ્થામાં શા કારણથી અંગીકાર કરવો પડયો ? "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" હું અનાથ છું, મારો કોઇ સ્વામી નથી માટે. "

" આપ અનાથ હો એમ ભાસતું નથી. છતાં કદાપિ એમજ હોય—આપ અનાથજ હો તો હું આપનો નાથ થઇશ. ચાલો મારા રાજ્યમાં—અને મારો આશ્રય સ્વીકારો. "

" રાજન્, તું ભૂલે છે; હજુ તું પોતેજ અનાથ છે, ત્યાં મારો નાથ કેવી રીતે થઇ શકીશ ? તું પોતેજ નાથ નથી ત્યાં બીજાનો નાથ શી રીતે થશે ? "

આવાં અનનુંભૂત, અશ્રુતપુર્વ શબ્દોએ રાજાને ચમકાવ્યો. એનાં કર્ણેન્દ્રિયે કદિ પણ આવા શબ્દો સાંભળ્યા નહોતા. હજારો હાથી ઘોડા અને પરિજનવર્ગનો સ્વામી, સમસ્ત પ્રજાનો પાળક છતાં પોતે અનાથ, એમ કેમ બને ?

વિસ્મયમાં પડેલાની શંકા, શંકા નિવારણ કરવાના ધર્મવાળાએ જાણી; જાણીને કહ્યું,

" હે નરપતિ, સનાથ કોને કહેવા, અને અનાથ કોને કહેવા, એ વિષય પરત્વે હજુ તને પૂરૂં જ્ઞાન નથી ત્યાં સુધી તને અભિમાન છે. એ તારૂં અભિમાન દૂર કરાવનાર મારૂં પોતાનું વૃત્તાન્ત છે તે તને કહું છું. સાંભળ—

એકદા મને દાહજ્વર થયો. તે શમાવવાને મારા પિતા—કોસમ્બી નગરીના રાજા—મહીપાળે અનેક ઉપચારો કર્યા પણ મારી વેદના દૂર થઈ નહીં. અરધા રાજ્યની લાલચે પણ કોઇ તે શમાવી શકયું નહીં. મેં વિચાર્યું—મારા જેવો રાજપુત્ર—તેનું દુઃખ પણ કોઇ દૂર કરવા સમર્થ નથી, તો ખરેખર હું અનાથ છું. જો મારે કોઇપણ નાથ હોત તો આટલી મારી વેદના ક્યારની દૂર થઈ હોત. માટે હવે કોઇ નાથ ધારણ કરૂં. એ સનાથતા ક્યારે કહેવાય કે જ્યારે ધર્મવિષય પરત્વે શુરવીરપણું હોય તોજ. અને એ શુરવીરપણું ચારિત્રધર્મની દીક્ષા અંગીકાર કરવી એમાંજછે. હે રાજન્, જો, ધર્મના પ્રભાવ પ્રતિ જરા દૃષ્ટિ કર. હું હજુ આમ વિચાર કરૂં છું ત્યાંજ મારી વેદના દૂર થઇ ગઇ, અને મને નિદ્રા પણ સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે આવી. પ્રાતઃકાળે મેં ચિન્તવન કર્યા પ્રમાણે દીક્ષા અંગીકાર કરી અને હું સનાથ થયો. સનાથ એટલા માટે કે ત્રસ જીવોનો સર્વથા રક્ષક એટલે નાથ થયો. કારણ કે ચારિત્રવાનૂને એ ત્રસાદિ જીવોની સંપૂર્ણપણે રક્ષા કરવાની કહેલી છે. વળી જ્ઞાનાદિ ગુણો જે મારામાં ત્યાં સુધી નહોતા તે પણ ત્યાર પછી પ્રાપ્ત થયા. માટે આ ત્રસાદિક જીવોનો તથા એ જ્ઞાનાદિ ગુણો અને એ ગુણોને ટકાવી રાખનાર જે મારોઆત્મા–એ આત્માનો હું હવે નાથ થયોછું. હવે જિનેશ્વર ભગવંતે '**અનાથ**' કોને કહ્યા છે તે સાંભળ,

**प्रव्रज्य ये पंचमहाव्रतानि न पालयन्ति प्रचुरप्रमादात् ।**
**रसेषु गृद्धा अजितेन्द्रियाश्च जिनैरनाथाः कथितास्त एव ॥**

દીક્ષા ગ્રહણ કરીને અત્યંત પ્રમાદને વશ થઇ જેઓ પંચ મહાવ્રતનું પાલન કરી શકતા નથી અને ખાનપાનમાં લુબ્ધ થઇ ઇંદ્રિયોન વશ થઇ જાયછે એવાઓને જિન ભગવાન્ '**અનાથ**' કહેછે.

**અનાથીમુનિનાં** આ વચનો સાંભળી શ્રેણિકરાજાએ એમની બતાવેલી સનાથતાનેજ સત્ય સનાથતા તરીકે સ્વીકારી. પોતાનીને તો વિષમયીજ ગણી. એમનો મનુષ્ય જન્મ સફળ અને પોતાનો નિષ્ફળ માન્યો. પ્રાન્તે, એ મુનિરાજને, અનાથ કહી તથા સાંસારિક ભોગને માટે નિમન્ત્રણાએ કરી પોતે કરેલા અપરાધને માટે, એમની ક્ષમા માગી.

આવા અગણિત ગુણોની સમૃદ્ધિવાળા, પક્ષીઓની સમાન પ્રતિબંધ રહિત વિહરનારા, અને ઇન્દ્રિયજીત્' એવા અનાથી મુનિની પેઠે ખરા વૈરાગ્યથી મોહ ત્યજી દઇ, મોક્ષ સુખની અભિલાષાવાળા આપણે ક્યારે થઇશું ?

હવે સમ્યકત્વનું ત્રીજું લક્ષણ જે **નિર્વેદ** અથવા વૈરાગ્ય તેને માટે કહેછેકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संसारचारकागारविवर्जनपरायणा ।
प्रज्ञा चित्ते भवेद्यस्य ह्येतन्निर्वेदवान्नरः ॥

સંસારને બંદીખાના જેવું ગણી જે મનુષ્ય તેને ત્યજી દેવાની ઇચ્છા રાખેછે તેને " નિર્વેદ " વાળો સમજવો-વૈરાગ્યવૃત્તિ વાળો જાણવો.

શાસ્ત્રકાર પણ આ નિર્વેદથી લાભ જણાવે છેઃ—કામ ભોગસંબંધી વિરાગતા—વિરાગતાથી આરંભ પરિગ્રહનો ત્યાગ—આરંભપરિગ્રહના ત્યાગથી સંસારની અલ્પતા અને સંસારની અલ્પતાથી પ્રાંતે મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.

વિષયમાં લુબ્ધ પુરૂષોની પેઠે આ જગત્‌ને શાશ્વત ન માનતાં, સમુદ્રના કલ્લોલની સમાન આ આયુષ્ય ચપળછે એમ સમજી, બે ઘડી માત્ર પણ ધર્મ ધ્યાન કરી શકાય તો તેથી મહાન્ લાભનો સંભવ છે. સંસારથી ઉદ્વેગ પામી એમ શુભ ભાવના ભાવવાની આવશ્યકતાછે કે આત્મા એકલોછે, મારૂં કાંઇ નથી—એમ ભવ ઉપર વિરાગતા અંગીકાર કરવી. એમ કરવાથી સ્વર્ગ સુખ પ્રાપ્ત થાય છે.

નિર્વેદને માટે આટલા શબ્દોથી સમજુતી ગ્રહણ કરી '**અનુકંપા**' જે સમ્યકત્વનું ચોથું લક્ષણ છે તેની ઓળખાણ કરવી જરૂરની છે.

दीनदुःस्थितदारिद्र्यप्राप्तानां प्राणीनां सदा ।
दुःखनिवारणे वांछा सानुकंपाभिधीयते ॥

દીન, દુઃખી અને દરિદ્રી પ્રાણીઓના દુઃખ નિવારણ કરવાની ઇચ્છા એનું નામ **અનુકંપા** છે. અર્થાત્ સર્વ જીવને વિષે દયાભાવ રાખવો એ અનુકંપા. પાત્રાપાત્રનો વિચાર કરવો નથી કહ્યો એમ નથી. પણ એ વિચાર તો મોક્ષફળ આપનાર દાન પરત્વે કરવો કહ્યો છે. દયાદાન—એ સર્વત્ર કર્તવ્ય અને પ્રશંસનીય છે.

આ સર્વમાન્ય વિષય પર રાજાની પાંચ રાણીઓનો પ્રબંધ અતિ પ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આ સમકિતનું પાંચમું અને છેલ્લું લક્ષણ **આસ્તિક્ય** તે શું છે તે વિચારીએ.

**प्रभुभिर्भावितं यत्तत्त्वान्तर श्रुतेऽपिहि ।**
**निःशंकं मन्यते सत्यं तदास्तिक्यं सुलक्षणम् ॥**

તત્વાન્તરો એટલે અન્ય તત્વો–સાંભળ્યા છતાં પણ જિન ભગવાને પ્રરૂપેલાં તત્વોનેજ નિઃશંકપણે સત્ય માનવાં–એનું નામ આસ્તિકતા કહેવાય છે. આ આસ્તિકતા એ સમક્તિનુ પાંચમું લક્ષણ છે.

જિનેશ્વર ભગવાને કહેલા શુદ્ધ લક્ષણવાળા ગુરૂ એજ મારા ગુરૂ છે, અને એમણેજ કહેલો શુદ્ધ તત્વોવાળો ધર્મ એજ મારો ધર્મ છે. એ પ્રકારની જે દૃઢ આસ્થા તે આસ્તિક્ય.

# ભેદજ્ઞાનથી ભવપારતા.

**जीव देह बे भिन्न छे, भिन्न सकल व्यवहार**
**तज पर पुद्‌गल जीव ले तो पामे भवपार.**

**ભાવાર્થઃ**—જીવ અને દેહ એ પરસ્પર અત્યંત ભિન્ન છે, સમગ્ર વ્યવહારક્રિયા પણ જીવની સ્વાભાવિક ક્રિયાથી ભિન્ન છે, માટે ભિન્ન એવા પુદ્ગલને જીવદ્રવ્યથી સંપૂર્ણ જુદો સમજી પુદ્ગલ દ્રવ્યને પરરૂપ જાણી તેનો ત્યાગ કરી જીવદ્રવ્યને નિજરૂપ ગણી ગ્રહણ કરવાથી જન્મ મરણવાળા આ ભવ સમુદ્રનો પાર પમાય છે.

## " જીવ દેહ બે ભિન્ન છે "

પરમાર્થઃ—જેમ લાકડામાં અગ્નિ વ્યાપ્ત છે, જેમ દૂધમાં માખણ વ્યાપ્ત છે, જેમ તલમાં તેલ વ્યાપ્ત છે તેમ તનમાં જીવ વ્યાપ્ત છે. પરંતુ લાકડું જેમ અગ્નિ નથી તેમ તન એ કંઈ જીવ નથી. જેમ દૂધ એ માખણ નથી, પરંતુ તેમાં ગુપ્ત રહેલું–વ્યાપ્ત તે માખણ છે; તેમ દેહ એ જીવ નથી, પરંતુ તેમાં વ્યાપ્ત એવું જે સારરૂપ છે તે જીવ છે. જેમ તલ એ તેલ નથી, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તલમાં રહેલું સ્નેહ એટલે તેલ તેજ તેલ છે, તેમ તન એ જીવ નથી, પણ તનમાં રહેલો સ્નેહરૂપ જીવ તે જીવ છે, તન કંઇ નથી.

"ભિન્ન સકળ વ્યવહાર"

તેમજ આ જગતૂના ખાન પાન વ્યવહાર જે દેહથી થાય છે, અથવા શાસ્ત્રપઠન કે ગુરૂવાક્યશ્રવણ જે ઇંદ્રિયથી મેળવાય છે; સામાયિક, પૂજા, પ્રતિક્રમણ એવી જે ભેદજ્ઞાન વિનાની ધર્મકરણી કરાય છે, તે ધર્મકરણીરૂપ વ્યવહાર આત્માથી–જીવથી ભિન્ન છે. ભેદજ્ઞાન વિનાનો વ્યવહાર તે વ્યવહારને અર્થે થાય છે. એટલે દેહ કરે છે, અને દેહને માટે થાય છે, જો અશુભ વ્યવહાર કરે તો અશુભ દેહ મેળવે અને શુભ વ્યવહાર કરે તો મનુષ્યના અને દેવતાદિના શુભ દેહ પ્રાપ્ત થાય--આમ ભેદજ્ઞાન વિનાનો વ્યવહાર દેહથી થાય છે, અને અશુભ કે શુભ એવા દેહને માટેજ થાય છે; માટે એ વ્યવહાર પણ દેહ જેમ જીવથી જુદો છે તેમ જીવથી અત્યંત ભિન્ન છે, માટે જેમ રૂપી એવા દેહથી કરેલો અશુભ કે શુભ વ્યહુવહાર જેમ દેહને માટે થાય છે, તેમ અરૂપી એવા જીવથી કરેલો વ્યવહાર ( નિશ્ચય જ્ઞાનરૂપી ) અરૂપી એવા આત્માને અર્થે થાય છે.

જેમ અશુભ વ્યવહાર અશુભ પુદ્‌ગલોને આકર્ષી અશુભ દેહાદિ વારંવાર મેળવતો જાય છે, ને શુભ વ્યવહાર શુભ દેહાદિ મેળવે છે, તેમ અશુભ અધ્યવસાયે જીવ આત્માને કષાયાદિથી મલિન કરતો જાય છે, અને શુભ અધ્યવસાયે આત્માને ધવલ કરતો જાય છે. એ અશુભ અધ્યવસાય ક્રોધાદિ એટલે ક્રોધ, માન, માયા, ને લોભ વગેરેથી થાય છે, તેમ શુભ અધ્યવસાય, ક્ષમાદિ, એટલે ક્ષમા, નમ્રતા, સરલતા, અને નિર્લોભતા આદિથી થાય છે. એ બે અધ્યવસાય ઉપરાંત ત્રીજો અધ્યવસાય છે તે અધ્યવસાયને શુદ્ધ અધ્યવસાય કહે છે તેમાં અધ્યવસાય કેમ રહે તે હવે કહેશે. જેમ વ્યવહાર અશુભ, શુભ અને ત્રીજો શુદ્ધ છે; તેમ અધ્યવસાય પણ અશુભ, શુભ અને શુદ્ધ છે. જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશુભ વ્યવહારે, અશુભ પુદ્ગલ; અને શુભ વ્યવહારે, શુભ પુદ્ગલ; પરંતુ શુદ્ધ વ્યવહારે (જે નિશ્ચયદૃષ્ટિ હૃદયમાં રાખી તપાદિ કરવામાં આવે છે તેથી નાશવંત દેહ જઇ અવિનાશી દેહ મેળવાવે છે એટલે) સિદ્ધ રૂપ પ્રાપ્ત થાય છે; તેમ અશુભ અધ્યવસાયે ક્રોધાદિનું મલિનપણું વધે છે, અને શુભ અધ્યવસાયે ક્ષમાદિનું ધવલપણું વધે છે. જેમ જળના મલિનપણાને કેતકી ફળ દૂર કરી દે છે, તેમ અરૂપી અશુભ અને રૂપી શુભ કર્મને દૂર કરનાર શુદ્ધ અધ્યવસાય રૂપ વિવેક અથવા નિશ્ચયસમ્યકત્વ-ભેદજ્ઞાન આત્માને નિર્મળ કરી દે છે. માટે તે ભેદજ્ઞાન વડે, એટલે જડને જડ જાણી અને જીવને જીવ જાણીને—

"તજ પર પુદગલ જીવ લે"

એટલે જેમ કાષ્ટમાં વ્યાપ્ત અગ્નિ જેમ કોઇ અગ્નિવડે બહાર આણી શકાય, અથવા કાષ્ટે કાષ્ટ ઘસી બહાર અણાય, તેમ જેણે કેવળજ્ઞાનરૂપ જ્ઞાનાગ્નિ પ્રાપ્ત કર્યો છે, તેથી આપણા પુદ્ગલ ભાવરૂપી કાષ્ટને સળગાવીએ અથવા કાષ્ટમાં જેમ અગ્નિ તેમ આ મારા દેહમાં હું હું કરેછે તે કોણ છે—જેમ કાષ્ટ ખુબ ઘસી ઘસીને—મથી મથીને અગ્નિ પ્રગટાવે, તેમ હું કોણ હું કોણ એમ વારંવાર આ અંદર હું હું કરે છે તે કોણ છે—તે અહર્નિશ વગર અટકે શોધ્યા કરીએ તો એ રીતે પણ કાષ્ટમાંથી અગ્નિની પેઠે હું એટલે ચૈતન્ય પ્રગટ થાયછે; ને જેમ કાષ્ટ બળી તેની રાખ અહિં પડી રહેછે, અને તેમાં રહેલી હવા જૂદી જૂદી ઓકસીજન હાઇડ્રોજન કારબોન હવામાં મળી જાય છે તેમ હું કોણ, હું કોણ એમ વિચારઘર્ષણથી અથવા કેવળજ્ઞાનીએ કહ્યું કે આત્મસ્વરૂપે હું તેવો તું માટે હે આત્મા! તારા આત્માને જાગૃત કરતે વચનથી દેહભાવની રાખ આ જગત્માં પડી રહેશે, ને ક્રોધ—માન—માયા ને લોભ—રૂપી ઓકસીજન હાઇડ્રોજન કાર્બોન મોહાકાશમાં મળી જશે. અને જેમ કાષ્ટનો અગ્નિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખથી ને હુવાથી છુટો પડી, અદ્રશ્ય અગ્નિતત્વમાં જાયછે; તેમ દેહભાવની રાખ ને હુવા ગયા પછી, ચૈતન્ય ભાવનું તત્વ જ્યાં છે ત્યાં જીવ શિવરૂપે થઇ રહે છે, એટલે સિદ્ધભાવ પામેછે.

જેમ દૂધમાંથી સારરૂપ માખણ કાઢવામાં આવેછે, તેમ મનરૂપ દૂધમાંથી જીવરૂપ માખણ છુટું પાડી શકાય. દૂધની છાશ કરી તેને વલોવે અથવા દૂધનું દૂધ લઇ ડેરી કમ્પનીમાંના સંચામાં નાંખી તેમાંથી માખણ મેળવી શકાય છે. અને જેમ એ એમાંથી ગમે તે રીતે માખણ મેળવ્યા પછી છાશ જૂદી પડી રહે છે કે પાતળું સંચામાંથી નીકળ્યા પછી સ્વાદ વગરનું દૂધ બાકી રહી જાય છે, તેમ આ દેહને જિનધર્મરૂપ દ્રવ્યમટકામાં રાખી, (જેમ રાત્રે શાન્ત હોઇએ તેમ શાન્ત વખતે)ગુરૂ ઉપદેશરૂપી આત્મબોધનું મેળવણ નાંખીને, ( આપણું દૂધ જેમ સવારે દહીં રૂપ થઇ રહે, તેમ આપણો આત્મા આ સંસાર ભાવથી કાંઇ ખટાશવાળો થાય કે ) વ્રતાદિ દોરીએ મનરૂપી વલોણાને બાંધી વલોવવામાં આવે તો માખણરૂપી જીવ જીવસ્વરૂપે તરી આવે છે. અથવા પોતે ઇંદ્રિયોરૂપી દોરી અને મનરૂપ રવૈયો આ દેહરૂપી મટકામાં એ મનરૂપી રવૈયાને ફેરવે કે હું કોણ, હું કોણ એમ વારંવાર હલાવે તો જેમ માખણ દૂધથી જુદું વિલાયતી સંચામાં પડેછે, અને નિઃસત્વ દૂધ કોરે રહી સત્વવાન્ જોરાવર માખણ તરી આવે છે, તેમ નિઃસત્વ દેહભાવ જૂદો પડી મહા બળવાન અનંત વીર્યવાળો આત્મભાવ જૂદો નીકળી આવે છે.

જેમ તલમાંથી તેલ કાઢયા પછી તલ છુટા પડી બળદાદિ પશુનેજ ખોળરૂપે ખાધાના કામમાં આવે છે; તેમ દેહભાવથી જીવભાવ જૂદો પડયા પછી, દેહભાવને પશુ જેવા માલ વગરના માણસોજ સેવે છે, પરંતુ સમ્યકદ્રષ્ટિ જૈનો તો જીવભાવનેજ સેવે છે- જીવના અનંત જ્ઞાનાદિ સ્નેહનોજ આસ્વાદ લે છે. વળી તલને પીલ્યાવિના તેલ ને ખોળ જૂદા પડે નહીં, તેમ, જેમ મારો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ સર્વને સર્વનો, જીવ વહાલો છે એવો સમભાવ એ યોગ વિદ્યારૂપી ઘાણીમાં પીલાયા વિના નીકળે નહીં.

નિષ્કર્ષ—આ પ્રકારે ભેદજ્ઞાન એટલે જીવને પુદ્‌ગલ જૂદા છે એમ જાણવામાં આવ્યા પછી પણ, જાણવા માત્રથી નહીં-પરંતુ જણાયા પછી ક્રિયામાં પણ, લાકડામાંથી અગ્નિ, દૂધમાંથી માખણ ને તલમાંથી તેલ પ્રયોગવડે જૂદાં પાડી શકાય છે તેમ, યોગાદિ વિદ્યાથી ભેદજ્ઞાનવડે પુદ્દૂગલને તજવાથી અને આત્માનેજ આત્મા નિશ્ચયપણે અનુભવતાં અનુભવતાં સત્વર ભવસમુદ્ર તરાય છે. એટલુંજ નહીં પણ કાષ્ટ જેમ બળી રહ્યા પછી અગ્નિ અગ્નિતત્વને મળેછે, છોડ નીચે રહી તેલ ઉપર તરી રહેછે; જેમ છાશ નીચે રહી કે નિ:સત્વ દૂધ નીચે રહી માખણ ઉપર ઉપર તરી રહે છે; તેમ દેહભાવ નીચે રહી આત્મભાવ ઉંચે ચડે છે. વિ. વિ. ભાઇઓ, બ્હેનો, માતાઓ, અને પિતૃનિર્વિશેષ માનવો " ઉપર તરી રહેછે. " એ વચનનું રહસ્ય શું ? " જે ચૌદરાજલોકને અંતે તરીને રહ્યા છે, તેમ તે રહેછે; સિદ્ધ સ્વરૂપ સત્વરૂપે નિરંતર રહેછે એટલે ભવને પાર સાદિ—અનંત સુધી રહેછે અને આમ અનુભવે છે. "

લી. મુમુક્ષુ.

# મદત્યાગ અને પ્રશમરતિ

( અનુસંધાન પૃષ્ટ ૭૯ અંક ૩ જા થી )

ઇચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગાર્ધ્ય ( ગૃદ્ધતા ) મમત્વ, અભિનન્દ, અને અભિલાષ એ સર્વે રાગના પર્યાય શબ્દો છે.

ઇર્ષા, રોષ, દોષ, દ્વેષ, પરિવાદ ( નિન્દા ), મત્સર, અસૂયા, વૈર અને કોપ વગેરે અનેક દ્વેષના પર્યાય છે.

રાગ અને દ્વેષનું બારીકીથી સ્વરૂપ વિચારી જેમ તેમનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જય સાધી શકાય તેમ યુક્તિથી માધ્યસ્થ્યાદિ આલંબવાં યોગ્યછે.

પતંગ, ભૃંગ ( ભમરો ), મીન ( માછલું ), ઇભ ( હાથી ) અને સારંગ ( હરણ ) એ પાંચે એક એક ઇંદ્રિયના પરવશપણાથી પ્રાણાંત દુઃખ પામે છે તો દુષ્ટ એવી તે પાંચે ઇંદ્રિયોને એકી સાથે પરવશ પડેલા પામર પ્રાણીનું તો કહેવુંજ શું ?

આવા શાસ્ત્ર અને અનુભવથી સિદ્ધ ભાવેનો સમ્યગ્ વિચાર કરી તત્સંબંધી ગુણ દોષનો નિર્ધાર કરી સુવિવેક સેવી દુષ્ટ એવા વિષય વિકારથી વિરક્ત થવું જોઇએ.

## વૈરાગ્યપોષણ.

જેમ ચઢેલું ઝેર ઉતારવા વારંવાર કરવામાં આવતો મંત્રપદનો પ્રયોગ પુનરૂક્ત દોષવાળો ગણાતો નથી તેમ રાગ-દ્વેષ રૂપ ભાવઝેરને નાશ કરવા વારંવાર કહેવામાં આવતાં ઉત્તમ અર્થવાળા વચનોઆશ્રી પણ સમજવું.

જેમ પ્રથમ ઉપયોગમાં લીધેલું પણ ઔષધ શરીર પીડા હરવા માટે પુનઃપુનઃ સેવાય છે તેમ રાગ-દ્વેષની ભાવ પીડાને હરવા વૈરાગ્ય યુક્ત વાકયનો પણ પુનઃ પુનઃ પ્રયોગ ઉપયોગીજ છે.

જેમ વૃત્તિ ( નિર્વાહ, આજીવિકા ) ચલાવવા માટે લોકો તેને તે કામ પુનઃ પુનઃ કરે છે. તેમ વૈરાગ્ય વૃત્તિ-વૈરાગ્ય વર્તન સંબંધી કારણો પણ પુનઃ પુનઃ સેવવા યોગ્ય છે.

તેથી જે જે અનિત્ય અશરણાદિક ભાવ વિચારવાદિકથી વૈરાગ્ય ભાવનાની વૃદ્ધિ થાય તે તે બાબતમાં મન, વચન અને કાયાથી અભ્યાસ કરવો.

તેવા વૈરાગ્ય પોષક પવિત્ર શાસ્ત્રોનું શ્રવણ, મનન અને નિદધ્યાસન કરવું, તેમજ તેવાં વૈરાગ્ય પદોનું ગાન કરવું, તથા અન્ય વૈરાગ્ય અભિલાષી જનોનું તેવાં સૂક્ત વચનોથી પોષણ કરવું. આમ કરવાથી પ્રશમ ગુણની સહજ વૃદ્ધિ થાય છે અને તેથી સ્વપરનું શ્રેય સહેલાઇથી સાધી શકાય છે.

શ્રી તીર્થંકર મહારાજના પ્રમાણભૂત વચનાનુસારે શ્રી ગણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરાદિકે આગમમાં ગુંફેલા–પ્રતિપાદન કરેલા જીવાજીવાદિક પદાર્થોનું પુનઃ પુનઃ મન, વચન, અને કાયા વડે અનુકીર્તન કરવું તે અવશ્ય વૈરાગ્ય ભાવને પુષ્ટિકર થાય છે.

તેવીજ વૈરાગ્ય ભાવનાની પુષ્ટિ કરતા શ્રી વાચકમુખ્ય ઉમાસ્વાતિ મહારાજે કહે છે કે, આ કથન કરવામાં આવતાં વચનમાંથી તમે સાર માત્ર ગ્રહણ કરશો. કેમકે સારગ્રાહી સજ્જનોનો તેવોજ સ્વભાવ હોય છે. તેઓ દોષની ઉપેક્ષા કરી ગુણ માત્ર ગ્રહણ કરે છે.

સજ્જનોએ સ્વીકારેલું–માન્ય કરેલું ગમે તેવું હોય તોપણ તે પ્રસિદ્ધિને પામે છે. શું મલિન પણ હરણ પૂર્ણ ચંદ્રમાં રહ્યું છતું પ્રસિદ્ધિ નથી પામતું ?

જેમ બાળકનું કાલું ઘેલું પણ વચન માતપિતા પાસે શોભા પામે છે તેમ સજ્જન વર્ગ મધ્યે કથન કરેલું આ વૈરાગ્ય પોષણ પણ અવશ્ય સિદ્ધિને પામશે.

## કષાયત્યાગોપદેશ.

કષ કહીએ સંસાર, તેનો આય એટલે લાભ જેથી થાય તે કષાય કહેવાય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે. તે દરેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એવા ચાર ચાર ભેદ છે. અનંતાનુબંધીની ઉત્કૃષ્ટ સ્થિતિ જીવતાં સુધીની છે. તે સમકિતના પ્રતિબંધક છે. એટલે કે અનંતાનુબંધી કષાય હોય ત્યાં સુધી સમકિત ગુણની પ્રાપ્તિ થઇ શકેજ નહીં. ત્યાર પછીજ થાય છે. અપ્રત્યાખ્યાની કષાયની વધારેમાં વધારે સ્થિતિ ૧૨ માસની છે. ત્યાં સુધી દેશ વિરતિ શ્રાવકનાં વ્રત ઉદય આવતાં નથી. તે ચોકડી ગયા બાદ વ્રત ઉદય આવે છે. પ્રત્યાખ્યાની કષાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૪ માસની છે. ત્યાં સુધી મહાવ્રત ઉદય આવતાં નથી. ત્યાર બાદજ આવે છે. સંજ્વલન કષાયની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પક્ષ (પખવાડીયા) ની છે. સંજ્વલન કષાય હોય ત્યાં સુધી વીતરાગ ચારિત્ર (યથાખ્યાત) પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ શકે નહિ. સંજ્વલન ચોકડી સમુળગી નષ્ટ થયા બાદજ વીતરાગ ચારિત્ર પ્રાપ્ત થાયછે. એમ સમજી ઉત્તરોત્તર ગુણપ્રાપ્તિ માટે ઉક્ત ચાર ભેદવાળા ચારે કષાયને સમુળગા દૂર કરવા પ્રયત્ન કરવો ઘટે છે.

ઉક્ત ચાર કષાયને વશ પડેલો જેજે અનર્થને પામે છે તેને વર્ણવવાને પણ કોણ સમર્થ છે? છતાં તેથી પ્રત્યક્ષ થતી હાનિ કિંચિત માત્ર બતાવે છે. ક્રોધ થકી પ્રીતિનો વિનાશ થાય છે. માન થકી વિનયનો ઉપઘાત થાય છે. માયા–કપટથી પ્રતીતિ ઉઠી જાય છે. અને લોભથી સર્વ ગુણનો લોપ થાય છે. ક્રોધ પરિતાપ કરે છે, સર્વને ઉદ્વેગ કરે છે, વૈરભાવને પેદા કરે છે અને સદ્ગતિને હણી નાંખે છે–અર્થાત્ દુર્ગતિના દાવમાં પ્રાણીને ઝંપલાવે છે. શ્રુત, શીલ અને વિનયને સમસ્ત પ્રકારે દૂષણ રૂપ અને ધર્મ–અર્થ--કામને વિઘ્નભૂત એવા માનને એક મુહૂર્ત માત્ર પણ કયો પંડિત અવકાશ આપે?

માયાશીલ પુરૂષે જોકે કંઇપણ અપરાધ ન કર્યો હોય તોપણ તે પોતાના સહજ દોષથી દોષિત હોવાથી સર્પની પેરે વિશ્વાસ કરવા લાયક થતો નથી.

સર્વ વિનાશના સ્થાનભૂત અને સર્વ દુઃખનાં સાધનરૂપ લોભને વશ થયેલો કોણ જીવ એક ક્ષણ માત્ર પણ સુખનો ભાગી થઇ શકે?

એ પ્રમાણે ક્રોધ, માન, માયા અને લોભ દુઃખદાયીજ હોવાથી પ્રાણીઓને આ ભવ--અટવીમાં અવળેજ રસ્તે ચઢાવી દેછે તેથી તે વિશ્વાસ કરવા યોગ્ય નથી. દુરંત દુઃખદાયી કષાયસમૂહને જીતવા સર્વજ્ઞ પ્રભુએ નીચેનો ઉપાય કહ્યા છે તે નિરંતર લક્ષમાં રાખી તેનો સદુપયોગ કરવા ચુકવું નહિં:–

ક્ષમા–શાંતિ–ઉપશમ--સમતા એ ક્રોધાગ્નિ શમાવવાનો ઉત્તમ ઉપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનય-નમ્રતા-મૃદુતા એ માનમહીધરના પક્ષને તોડવા વજ્ર સમાન છે

ઋજુતા-સરળતા એ માયા-સાપણીનું ઝેર કાપવા જાંગુલી મંત્ર સમાન છે. તેમજ સંતોષ એ લોભસમુદ્રનું પાન કરી જવામાં અગસ્તિ તુલ્ય છે. કષાય- કલુષતા રહિત સ્ફટિક રત્ન જેવું નિર્મળ સહજ આત્મસ્વરૂપજ સાધ્ય છે.

તથાસ્તુ.

# જૈન સોળ સંસ્કાર.

## ૭ શુચિકર્મ સંસ્કાર.

ષષ્ઠી સંસ્કાર થયા પછી સાતમો શુચિકર્મ સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કારમાં જન્મસૂતક ( વૃદ્ધિસૂતક ) ને દૂર કરવાનો વિધિ છે. બાલકના જન્મ વખતે અશુચિ પુદ્ગલોથી સૂતિકા ગૃહ વ્યાપ્ત થઇ જાયછે, તેથી તેની શુદ્ધિ થવાની જરૂર છે. જ્યાંસુધી શુદ્ધિ થઇ ન હોય, ત્યાંસુધી કોઇપણ દેવગુરૂના કામમાં પ્રવર્તન થઇ શકતું નથી. તેથી શુચિકર્મ સંસ્કારની આવશ્યકતા છે. આ સંસ્કાર જુદા જુદા વર્ણ તથા કુળને અનુસારે કરવામાં આવે છે.

શુચિકર્મ સંસ્કારના આરંભને દિવસે ગૃહસ્થ ગુરૂ આવી સોળ પેઢીના પુરૂષોને બોલાવે છે. કારણ કે, સોળ પેઢી સુધી સૂતક લાગેછે. તેને માટે શાસ્ત્રમાં લખેછે કે, “ સોળ પુરૂષ--પેઢી સુધી સૂતક લાગે અને એક લાખ પેઢી સુધી એક ગામમાં કન્યા અપાય નહીં ” સોળ પેઢી સુધીના કુટુંબીઓ આવે એટલે ગૃહસ્થ ગુરૂ તેમને સાંગોપાંગ સ્નાન કરાવે પછી ધોયેલા શુદ્ધ વસ્ત્ર પેહેરાવી જિનપ્રતિમાની પૂજા કરાવે છે. પછી બાલકના માતાપિતા પંચગવ્યથી અંતસ્નાન કરેછે. પછી નખને છેદી અને વસ્ત્રની ગાંઠ બાંધી દંપતી ગૃહસ્થ ગુરૂની સાક્ષીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનપ્રતિમાને નમસ્કાર કરે છે. આ વખતે સૌભાગ્યવતી સધવા સ્ત્રીઓ ગીત ગાય છે અને વાજિત્રો વાગે છે. તે પ્રસંગે બીજા બધા ચૈત્યોમાં પૂજા ભણાવાય છે અને નૈવેદ્ય મોકલવામાં આવે છે. તથા સાધુઓને શક્તિ પ્રમાણે ચાર પ્રકારના આહાર, વસ્ત્ર અને પાત્ર વ્હોરાવવામાં આવે છે. અને જે સંસ્કારવિધિ કરાવનાર ગૃહસ્થગુરૂ હોય, તેને વસ્ત્ર, તાંબૂલ, આભૂષણ તથા દ્રવ્ય પ્રમુખ આપવામાં આવે છે. કારણ કે, જન્મસંસ્કાર, ચંદ્ર સૂર્યદર્શનસંસ્કાર, ક્ષીરાશન સંસ્કાર, અને ષષ્ઠી સંસ્કારમાં ગૃહસ્થ ગુરૂને તેજ દિવસે દક્ષિણા આપવાનો નિયમ છે. આ સંસ્કારમાં ગોત્રના તમામ માણસોને તથા મિત્રોને શક્તિ પ્રમાણે ભોજન કરાવવું જોઇએ. વળી કુળના આચારને અનુસારે પંચ ગવ્ય, જિનસ્નાત્રનું જલ, સર્વૌષધિજલ, અને તીર્થજલથી બાળકને સ્નાન કરાવી વસ્ત્રાભરણ પેહેરાવવા.

આ સંસ્કારમાં સૂતકની નિવૃત્તિ થાય છે. કદિ સૂતકના દિવસ પૂરા થયા હોય પણ જો તે દિવસે આર્દ્ર નક્ષત્રો અને સિંહયોનિ તથા ગજયોનિ નક્ષત્રો આવ્યા હોય તો સ્ત્રીઓને તે દિવસે સૂતકસ્નાન ન કરાવવું. જો તેવા દિવસોમાં સ્નાન કરાવવામાં આવે તો સ્ત્રીઓને ફરીવાર પ્રસુતિ થતી નથી. કૃતિકા, ભરણી, મૂલ, આર્દ્રા, પુષ્ય, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા અને શ્રવણ, એ દશ આર્દ્ર નક્ષત્રો કહેવાય છે. ધનિષ્ટા અને પૂર્વાભાદ્રપદ, એ બે સિંહયોનિ તથા ભરણી અને રેવતી--એ બે નક્ષત્ર ગજયોનિ નક્ષત્રો છે. સૂતકના દિવસો પુરા થતા હોય પણ જો તે દિવસે એ નક્ષત્રો પૈકી કોઇ નક્ષત્ર આવતું હોય તો એક દિવસને આંતરે શુચિકર્મ સંસ્કાર કરવો જોઇએ. આ સંસ્કાર સૂતકથી પવિત્ર થવાનો છે. સુવાવડમાં અશુચિ થયેલા પુદ્‌ગલો આ સંસ્કારથી શુદ્ધ થાયછે. બરાબર શુદ્ધિ થાય, એટલે તે ગૃહસ્થનું કુટુંબ દેવકાર્ય કરવામાં યોગ્યતા મેળવે છે. માટે આ સંસ્કાર અવશ્ય કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ કાલ શુચિકર્મ સંસ્કારનો લોપ થવાથી જૈન પ્રજામાં અશુચિપણું વધી ગયેલું છે. સૂતકના નિયમને નહીં જાણવામાં પણ ઘણું બેદરકારીપણું રહે છે. કેટલાએક તો એમજ સમજે છે કે, સૂતક પાળવું એ મિથ્યાત્વીનું અનુકરણ છે. પણ તે વાત તદન અયુક્ત છે. જૈન વર્ગને માટે સૂતક પાળવાની ઘણી આવશ્યકતા છે. મૃત સૂતક અને વૃદ્ધિ સૂતક આ બંનેને માટે જૈન શાસ્ત્રમાં સારી રીતે લખાયેલું છે. શ્રાવકના સદાચારમાં તેને ગણેલું છે. માટે સૂતકના નિયમો શ્રાવકોએ સારી રીતે જાણવા જોઇએ. અને લોપ થઇ ગયલા આ શુચિકર્મ સંસ્કારને પાછો પ્રવર્તનમાં લેવો જોઇએ. પવિત્રતાને કરનારા આવા સંસ્કારો લોપ થવાથી અનેક જાતની આશાતનાઓ થયા કરે છે. શ્રાવકોમાં અનાચારે પ્રવેશ કર્યો છે. ખાન, પાન, અને બીજા વ્યવહારમાં અશુચિપણું વધી ગયેલું છે, તેથી આ સંસ્કારનું પ્રવર્તન પાછું થોડે ઘણે અંશે જાગ્રત થાય તો શ્રાવક પ્રજા પાછો પૂર્વનો સદાચાર પ્રાપ્ત કરી શકશે.

પૂર્વે જૈન પ્રજામાં આ સંસ્કાર ચાલતો હતો. તેના પ્રભાવથી જૈન પ્રજા સદાચારથી સુશોભિત હતી. બાળથી તે વૃદ્ધ સુધીનો તમામ જૈનવર્ગ સૂતકના નિયમને જાણનારો હતો. એક ગોત્રના એક કુળના લોકો સૂતકને વખતે દેવપૂજા કે બીજા ધર્મ મંગળના કાર્ય કરતા ન હતા. સોળ પેઢી સુધીના એક ગોત્રી પુરૂષોમાં નિયમ પ્રમાણે સૂતક પળાતું હતું. કારણ કે, તેઓને નીચેનું આગમવાક્ય સર્વદા સ્મરણમાં હતું:—

**नृषोडशकपर्यंतं गणयेत्सूतकं सुधीः ॥**

“ સારી બુદ્ધિવાળા શ્રાવકે સોળ પુરૂષ (પેઢી) સુધી સૂતક ગણવું જોઇએ. ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**કચ્છ મુદ્રા બંદરમાં કન્યાશાળાનું સ્થાપન અને તે પ્રસંગે શ્રીમન્ મુનિમહારાજ હંસવિજયજીએ આપેલું ભાષણ.**

મહાશય રાજકીય વર્ગ, સદ્ગૃહસ્થો, વિદ્યાર્થી-બાળક અને બાલીકાઓ,

આજે માંડવીના રહીશ લખમશી રાજપાળની મદદથી કન્યાશાળાનું સ્થાપન કરવા આ મેળાવડો મળેલો છે, એ તો આપના સર્વના જાણવામાં છે, વાસ્તે તે વિષે વિશેષ ન બોલતાં, છોકરા અને તેથી વધીને છોકરીઓને વિદ્યાદાન આપવાની કેટલી બધી જરૂરીયાત છે, તે વિષે હું બે બોલ બોલવા માગું છું, તો આપ શ્રવણ કરવા તસ્દી લેશો.

સજ્જનો, લઘુ વયથીજ બાળક બાળિકાઓને સારૂ શિક્ષણ આપવા ચૂકવું નહિ. તેની પ્રાથમિક શિક્ષણશાળા તે પોતપોતાની માતાઓજ છે. બીજી અનેક સ્કૂલોમાં વર્ષોતક શિક્ષણ લેવામાં આવે પરંતુ માતા તરફના શિક્ષણની જે અસર થાય છે, તે બીજી શાળાઓથી થવાની નથી. કારણ કે, બીજી શાળાઓમાં પરિશ્રમ ઉઠાવવાથી જ્ઞાન મળે છે, ત્યારે આ પ્રાથમિક શાળાથી અનાયાસેજ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેવું સદ્વર્તન માતાઓ કરે છે, તેવું તેમના બચ્ચાંઓના કુમલા હૃદયરૂપ આદર્શમાં પ્રતિ બિંબ રૂપે પડે છે, ને તે સારી ઉમર સુધી ભુસાતું નથી. જો માતા ગુણ ગ્રહણ કરનારી હોય તો બાળક પણ ગુણગ્રાહક થાય છે. માતાને ગાળો દેવાનો અભ્યાસ હોય તો બાળક પણ ગાળો દેવા શીખે છે. માતાને દેવ-ગુરૂના દર્શન કરવાનો રીવાજ હોય તો બાળકો પ્રભાતથીજ તે તરફ લાંબા હાથ કરી પોતાને ત્યાં લેઇ જવા સૂચના કરે છે. માટે પ્રથમ તો માતાઓએજ સદ્વર્તન રાખવું યોગ્ય છે. જ્યાં સદ્વર્તન હોતું નથી ત્યાં દંપતીની આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પસમાં ખટપટ ચાલ્યા કરે છે. જેમકે, કોઇ પતિ સ્ત્રીને કહે કે, હે સુંદરી! તું શું આ સુંદર કરે છે? ના એ સારૂ કરતી નથી. ત્યારે સ્ત્રી કહે કે, તું પોતે કેમ સારૂ કરતો નથી? પતિ કહે, અરે પાપીણી તું સામું બોલે છે? પત્ની કહે, તારો બાપ પાપી, મને શા માટે પાપીણી કહે છે? પતિ કહે, રે ક્રોધમુખી તને ધિક્કાર થાઓ! પત્ની કહે, રે જૂઠા વાચાળ, તારાથી વળી કોણ ક્રોધી છે? આવી રીતનો જે સ્ત્રીભર્ત્તારનો નિરંતર દંત કલહ ચાલતો હોય, તેવા કલેશપીડિતને શું સુખ હોય? અર્થાત્ કોઈ તરેહનું સુખ સમજવું નહિં. સૌભાગ્યપંચમીની કથામાં કહ્યું છે કેઃ—

आः किं सुंदरि सुंदरं न कुरुषे किं नो करोपि स्वयं ।
आः पापे प्रतिजल्पसि प्रतिपदं पापस्त्वदीयः पिता ॥
धिक्त्वां क्रोधमुखीमलीकमुखर त्वत्तोपि कः कोपनो ।
दंपत्योरिति नित्यदंतकलहक्लेशार्त्तयोः किं सुखम् ॥१॥

ઉપર દર્શાવેલા કલેશનું નિઃકંદન કરવા સ્ત્રીકેળવણીની ખાસ જરૂર છે. કારણ કે, કેળવાયેલી સ્ત્રીઓ આવા નિંદનીય રીવાજ તરફ ધિક્કારની લાગણીથી જૂવે છે, અને કલેશને તો અવકાશ આપતીજ નથી. તે જો સદ્વર્તનવાળી હોય તો તેની સંતાનપરંપરા સુધરેલી નીવડે છે. કેમકે, તેજ પુરૂષરત્નની અપૂર્વ ખાણ રૂપ છે. તિર્થંકર ગણધરાદિ મહાત્માઓનો ઉદ્ભવ પણ ત્યાંથીજ થયેલો છે. માટે ઇંદ્રાદિક દેવતા પણ "નમોરત્નકુક્ષિધારિકે" એમ કહી ભગવાનની માતાઓને નમસ્કાર કરે છે અને અરજ ગુજારે છે કે, આવાં પુત્રરત્નને તમે જન્મ ન આપ્યો હોત તો આ સૃષ્ટિના અને અમારા શું હાલ થાત તે અમે કહી શકતા નથી. તમારા પુત્રરત્નના અવલંબનથી આ ભયંકર સંસાર સમુદ્રને તરી ભવ્ય પ્રાણીઓ અજરામર પદને મેળવવા ભાગ્યશાળી બને છે અતઃએવ શ્રી રૂષભદેવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાને બ્રાહ્મી અને સુંદરી નામની પોતાની પુત્રીઓને સારૂં શિક્ષણ આપી સ્ત્રીકેળવણીનો શરૂઆતથીજ દુનિયા ઉપર દાખલો બેસાડયો છે. તે દિવસથી નદીના પ્રવાહની પેઠે ચાલતા આવેલા સ્ત્રીકેળવણીના રિવાજને અનુસરીને મયણાસુંદરી પ્રમુખ બાલીકાઓએ લઘુ વયથીજ સંસારિક–નૈતિક, અને ધાર્મીક જ્ઞાનસંપાદાન કરવાનો પ્રારંભ કર્યો હતો, તેનું પરિણામ એવું સુંદર આવ્યું હતું કે, તેને પતિસેવાં બજાવવાપૂર્વક પોતાના પિતાને ધર્માત્મા બનાવી સાક્ષાત્ ધાર્મીક ફળનો પુરાવો આપી દુનિયાને એવી તો અજાયબીમાં ઉતારી છે કે, તેને થઈ ગયાં વર્ષો વ્યતિત થયાં પણ તેના હજુ સુધી ગુણગાન થાય છે. એટલુંજ નહિ, પણ–ધર્મગુરૂઓ પણ છ છ મહિને ચૈત્ર–આસો માસની શાશ્વતી અઠ્ઠાઇઓમાં અર્થાત્ આંબિલની ઓળીઓમાં શ્રીપાલચરિત્ર વાંચતાં તેના સદ્વર્તનનું વ્યાખ્યાન આપે છે. વળી પરમ પ્રભાતે જે સોળ સતીઓનાં નામ લેવામાં આવે છે, તેમાં ચૌદ પૂર્વધર શ્રી સ્થૂલિભદ્રસ્વામીની સાત ભગિનીઓનાં નામ મોજુદ છે. તેમને બાલ્યાવસ્થામાં નંદરાજાની સભા સમક્ષ પ્રજ્ઞતા દક્ષતા અને વિદ્વત્તાથી ૧૦૮ મહા કાવ્યોનો, વિચાર પૂર્વક ઉચ્ચાર કરી આખી રાજસભાને આશ્ચર્યમાં ગરકાવ કરી હતી, જેનું પરિણામ એવું આવ્યું કે, પ્રખ્યાત વરરૂચિવિદ્વાનને રાજસભામાંથી પલાયન કરવું પડયું હતું. તે સાતે બેનોનું બુદ્ધિબલ એવું તો અજાયબી ઉપજાવનારૂં હતું કે, શતાવધાની અને સહસ્રાવધાનીં વિદ્વાનોની માફક, એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, વાર સાંભળેલા કાવ્યોને તે ક્રમથી ઉચ્ચાર કરી શકતી હતી. એટલે પેહેલીની મગજશકિત એવી ખીલેલી હતી કે, તે એક વાર જેટલું શ્રવણ કરે તે યાદ રાખી શકતી હતી. બીજી બે વાર અને ત્રીજી ત્રણ વાર એવી રીતે સાતમી સાત વાર શ્રવણ કરેલું ધારણ કરી શકતી હતી. તેમનાં નામ શ્રીકલ્પસૂત્રમાં આ પ્રમાણે આપેલાં છે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जक्खा य जक्खदिन्ना भूआ तहचेव भूअदिन्ना य ॥
सेणा वेणा रेणा भयणीओ थूलभदस्स ॥ १ ॥

વળી ભોજરાજાની રાજસભાના શ્રૃંગાર અને છૂટથી છટાદાર બોલનાર ધનપાળ પંડિતે પણ પોતાની પુત્રીને બાળપણાથી સારૂં શિક્ષણ આપી તેની મગજશક્તિ એવી ખીલવી હતી કે, તેને એક અદ્વિતીય મદદગાર થઇ પડી હતી. તેની બીના પ્રબંધ ચિંતામણિ આદિ ગ્રંથોમાં એવી વાંચવામાં આવી છે કે, એકદા ધનપાળે નવીન ગ્રંથનું ગુંફન કરી, તે ગ્રંથ ભોજરાજાને દેખાડયો, તે જોઇ વંચાવી, તેની ચિત્ર કવિતાથી ચિત્રીત ચિત્તવાળો તે ભોજ ઘણો ખુશી થયો, અને તેમાં નાયક તરિકે પોતાનું નામ દાખલ કરવા તથા રૂષભદેવને બદલે ઇશ્વર અને અયોધ્યાને બદલે ધારાનગરી એવો ફેરફાર કરવાને તેને લલચાવ્યો, પરંતુ એ ધર્મવિરૂદ્ધ હોવાથી ધનપાળે તેમકરવાની ના પાડી, તેથીતે નામદારે ધોળેદહાડે ધાડ પાડવાની પેઠે તે ગ્રંથ વન્હિશરણ કર્યા. આથી ધનપાળ ઘણો દીલગીર થઇ ઘેર આવ્યો, ત્યારે તેની પ્રિય પુત્રીએ દીલગીર થવાનું કારણ પૂછયું તે અવસરે યદ્યપિ તેની મરજી કહેવાની નહતી, તોપણ તેના આગ્રહથી યથાતથ્ય નિવેદન કર્યું ત્યારે તે ત્વરાથી બોલી ઉઠી કે, પિતાશ્રી આપ નિરાશ થશો નહિ. કારણ કે, આપના બનાવેલા ગ્રંથના પાનાં હું બાલક્રીડાથી જોતી રહી છું, તથાપિ તે ગ્રંથ મારા કંઠસ્થ રહેલો છે. વાસ્તે આપ હવે ઝડપથી લખવાનો પ્રારંભ કરો. તેવું પુત્રીનું કર્ણામૃતસદ્રશ વચન સાંભળી ધનપાળ ઘણો ખુશી થયો. અને જાણે નવું જીવન આવ્યું હોય તેમ હિંમતનો હિમાયતી તે ગ્રંથ લખવા લાગ્યો. જ્યારે તે સંપૂર્ણ લખાઇ ચૂકયો ત્યારે તે કદરદાન પિતાએ પુત્રીનું પવિત્ર નામ તે ગ્રંથ સાથે જોડી દઇ "**તિલકમંજરી**" ના નામથી તે પુસ્તક પ્રસિદ્ધ કર્યું. તેણીની નામમુદ્રાથી મુદ્રાંકિત થએલો તે અપૂર્વ ગ્રંથ શ્રી જેસલમેરના પ્રખ્યાત જૈનભંડારમાં હમારા જોવામાં આવ્યો, તેની નકલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવી કાવ્યમાળાગુચ્છકમાં અમે મુદ્રિત કરાવી બહાર પાડયો છે. તે ગ્રંથનું કવિત્વ અને વિદ્વત્તા ભરેલું લખાણ જોવા અમે વિદ્વાન વર્ગને ખાસ ભલામણ કરીએ છીએ. મહાશય શ્રોતૃવર્ગ, આવી રીતે કેળવાએલી કુલબાળિકાઓ ઉભયકુલ રૂપી [1]કુલં· કષાના કિનારાને કમનીય[2]કરવા કલકંઠી[3]સમાન નીવડે છે. એટલુંજ નહીં બલ્કે વાવે તે લણે, એ કહેવત પ્રમાણે તેમણે શિક્ષણ આપનારા પણ સારાં ફળનો આસ્વાદ લેવા ભાગ્યશાળી બને છે. અલબત એ તો નિર્વિવાદ છે કે, કેળવાએલી કણક જ્યારે કેળવનારને પુરી, કચોરી, પુરણપોળી અને રોટલી રોટલારૂપ થઇ સંપૂર્ણ તૃપ્ત કરે છે, તો કેળવાએલી કુલબાળિકાઓ કુલ દીપાવી સાંસારિક સામાજીક અને ધાર્મિક કાર્યમાં મદદગાર થઇ માતા, પિતા, ગ્રામ, નગર અને જનપદવાસીઓને મદદગાર થાય તેમાં શું આશ્ચર્ય છે ? અતઃએવ માતાપિતાએ પોતાની બાળિકાને અને પરોપકારથી પરાઇ બાળાઓને બાળપણાથીજ તન, મન, ધનનો ભોગ આપી કેળવવી યોગ્ય છે. ઇત્યલં વિસ્તરેણ.

## અમારી આત્માનંદ સભામાં નવા લાઇફ મેમ્બરો.

નીચે જણાવેલા ગૃહસ્થો અને લાઇબ્રેરીઓએ લાઇફ મેમ્બર તરીકે નામ નોંધાવી અમારી સભાને ઉપકૃત કરી છે.

| | |
|---|---|
| શા. પોપટલાલ ધારશી જામનગર. | હાલ મુંબઇ. |
| શા. મુળચંદ કરશનજી | ભાવનગર. |
| ભગવાનલાલ કરસનજી. | ,, |
| શા. હેમચંદ ગગલચંદ | પાટણ. |
| શા. વાડીલાલ ગગલચંદ. | ,, |
| શ્રી સુમતિરત્નસૂરિ પાઠશાળા | ખેડા. |

૧ નદી. ૨ શોભાયમાન. ૩ હંસી.

For Private And Personal Use Only